# માનસીક બીમારોની સેવાનો યજ્ઞ કરતો ભારતીય ઋષિ

**રજુઆત: વિપુલ એમ દેસાઈ**

http://suratiundhiyu.wordpress.com/

ફાઈવસ્ટાર હોટલનાં ગ્રુપના એવોર્ડ વિજેતા એવા એક નવયુવાન રસોઈયાને (ચેફ) તેની કામગીરીની કદર કરીને કંપનીએ સ્વિત્ઝરલેન્ડ મોકલવાનો વિચાર કર્યો. રસોઈયાને તો આ એક દિવાસ્વપ્ન જેવું લાગ્યું. આવી સુંદર તક મળવાથી તેના ફેમિલીમાં ખુબ જ આનંદ વ્યાપી ગયો. બધા જ ભવિષ્યના સુંદર સપનાઓના મહેલ ચણવામાં મશગુલ હતા. યુરોપ જવાનું એકાએક થવાથી તે પોતાના માં-બાપના આશીર્વાદ લેવા તરત જ ગામ ગયો. ઘર તરફ ચાલતા ચાલતા તેણે રસ્તામાં એક માણસને ઉકરડામાં લોકોએ નાખેલા વધેલા ખોરાકને શોધતો જોયો. તેના પગ ત્યાં જ થંભી ગયા. તેણે જોયું કે પેલો માણસ પોતાની ભુખ ભાંગવા માટે જે કુતરા પણ નહીં અડકે તે ખોરાક શોધી શોધીને ખાતો હતો. જો વધુ વખત આ દ્રશ્ય એ જોશે તો કદાચ એને હાર્ટએટેક આવશે એવું લાગ્યું. તેના હૃદયમાં ભયંકર ઉલ્કાપાત મચી ગયો. પોતાને સ્વસ્થ કરી એણે પેલા માણસનો હાથ પકડ્યો અને ત્યાંથી ઉભો કરી ઘરે લઈ આવ્યો. તેને નવડાવી ધોવડાવીને ગરમ ગરમ ભોજન કરાવ્યું. બીજા દિવસે સવારે તેને નીકળી જવાનું હોવાથી પેલા માણસને પોતાના ઘરે જ રાખ્યો અને સુવા-બેસવાની બધી વ્યવસ્થા કરી નાખી. તેના માં-બાપ પણ ખુબ જ લાગણીવાળા હોવાથી મનોમન ભગવાનને કહ્યું મારા વ્હાલા, આવા સારા કાર્યોને લઈને જ તે મારા છોકરાને આટલી મોટી તક આપી.

પરંતુ આ બાજુ પેલા યુવાનના હૃદયમાં તો સુનામીનું તોફાન ચાલી રહ્યું હતું. કેટલા પડખા ફેરવ્યા પણ ઉંઘ નહોતી આવતી. તેને ભારે અજંપો થતો હતો. સવારે તેના પીતા તેને ઉઠાડવા લાગ્યા અને કહ્યું ભાઈ, જલદી ઉઠ. તારે તો શહેરમાં જઈને એરપોર્ટ જવાનું છે. પેલો યુવાન તો જાગતો જ હતો. પિતાએ તેની આંખો લાલ જોઈને કહ્યું આખી રાત તું ઊંઘ્યો નથી લાગતો. તું અહીંની જરા પણ ચિંતા કરતો નહીં. ભગવાને આટલી સુંદર તક આપી છે એટલે બધું સારું જ થશે. પેલા યુવાને પોતાના માતા-પીતા સામે જોઈને એટમ બોમ્બ ફોડ્યો. હું સ્વીત્ઝર્લેન્ડ નથી જવાનો! અહી રહીને બસ મારે કાલે જે માણસને લાવ્યો તેવા લોકોની મારે સેવા કરવી છે. તેના માતા-પીતા તથા સગા સબંધીઓએ તેને સમજાવવાની ખુબ જ કોશિશ કરી પણ પેલો ટશ નો મશ નહીં થયો. એ યુવાન રસોઈયાનું નામ છે નારાયણન કૃષ્ણનન. આ કળીયુગમાં શ્રી કૃષ્ણનો બીજો અવતાર જ જોઈ લો

આ વાત છે સાલ ૨૦૦૨ની, ક્રિશ્નન મદુરાઈ પાછો ફરે છે. ત્યાં એ એક પુલ નીચે ફરી એક માણસને એઠવાડમાંથી ખાતા જુવે છે. આ દ્રશ્ય તેના વિચારો મક્કમ બનાવે છે. એટલે તરત જ પોતાની નોકરીને તિલાંજલી આપીને એક નવી પ્રવૃતિનો આરંભ કરે છે. પોતે નક્કી કરે છે કે જે લોકો માનસીક રીતે બીમાર છે તે અને જે લોકો પોતાની સંભાળ લેવા અસમર્થ છે તેવાની સેવા કરવી. સાલ ૨૦૦૩માં ક્રિશ્નનને અક્ષય ટ્રસ્ટની સ્થાપના કરે છે. ૩૦ વરસની આસપાસની ઉંમરનો આ સેવાધારી ઋષિ આજ સુધીમાં ૧.૨ મિલિયન બ્રેકફાસ્ટ-લંચ અને ડીનર બનાવીને ભારતના ઘરબાર વગરના જેમાં મોટે ભાગે સગા વહાલાઓએ તરછોડેલા કે પછી તેમનાથી વિખુટા પડેલા માનસીક બીમાર અને સમાજે હડધૂત કરેલા લોકોનો સમાવેશ થાય છે તેમને નવડાવી ધોવડાવી, વાળકાપી, દાઢી કરી સાફ સુથારા કરીને જમાડ્યા છે. ક્રિશ્નનનાં કહેવા પ્રમાણે ભારતમાં ગરીબીને લઈને લોકો નાછૂટકે માનસીક બીમાર લોકોને શહેરમાં છુટા મૂકી દે છે અને આવા લોકોને પાપી પેટ ભરવા ઉકરડા સિવાય કોણ આવકાર આપે?

ક્રિષ્ણનના કહેવા પ્રમાણે “અક્ષય”નો મતલબ સંસ્કૃતમાં “જેનો ક્ષય નથી થતો” કે જે “બગડી નથી જતું” એવો થાય છે. આ શબ્દ એ સાબીત કરવા માટે જ પસંદ કરવામાં આવ્યો કે “ માણસનાં અંતરમાં રહેલી દયા, કરુણાનો કોઈ દિવસ ક્ષય નથી થતો કે નષ્ટ નથી થતી”. એને જ કારણે આજે પણ વિપરીત સંજોગોમાં પણ ભારતના લોકોનાં હ્રદયમાં રહેલી કરુણા કે દયા સદા જીવંત છે. પૌરાણિક ગ્રંથોમાં લખ્યું છે તેમ માં અન્નપૂર્ણાનું અક્ષયપાત્ર ભૂખ્યા જનોને ખવડાવવામાં કદી ખાલી નથી થતું કે એ માટેના સાધનોની કદી તંગી નથી પડતી. ક્રિશ્નન અને તેના સહકાર્યકરો સવારે ચાર વાગે ઉઠી દાનમાં મળેલી વાનમાં ૧૦૦ ડીગ્રી ફેરનહીટ જેટલા તાપમાં આજુબાજુના ૧૨૫ માઈલના વિસ્તારમાં ફરીવળીને પુલોની નીચે કે પછી મંદિરોની ગલીમાં કે પછી ધર્મશાળા કે રેલવે સ્ટેશન કે એસ.ટી.ડેપો જેવા જાહરે સ્થળોમાં ફરી ફરીને નાગા-ગંદા-ગોબરા-ભૂખ્યા લોકોને શોધી શોધીને ગરમ ગરમ સાદું પણ સ્વાદીસ્ટ ભોજન જમાડે છે.

આવું ભોજન પોતે જાતે બનાવીને પેક કરીને પેકેટોમાં કે પછી પોતાના હાથે રોજના લગભગ ૪૦૦ માણસોને જમાડે છે. ક્રિશ્નન અને એના સહકાર્યકરો પોતાની સાથે કાતર, કાંસકો અને રેઝર બ્લેડ રાખે છે. આ બધાને લગભગ જુદી જુદી આંઠ જાતની હેર સ્ટાઈલો આવડે છે એટલે એ લોકો આ માનસીક બીમાર લોકોના ચહેરાને અનુરૂપ હેરકટિંગ કરીને એમની પ્રતિભાને જુદો જ ઓપ આપે છે. કહેવાનો મતલબ આ સેવાધારી ઋષિઓ વેઠ નથી ઉતારવા માંગતા. માનસીક બીમાર માણસનું ગૌરવ જાળવવા માંગે છે. આપણે તો આવો માનસીક બીમાર માણસ પાસે આવે તો કુતરાની જેમ હુંડ હુંડ કરીએ છીએ. અરે...એ તો ઠીક પણ મેં એક જગ્યાએ કુતરા પાળવાવાળા શોખીન કહો કે આશિકને એક આવા માનસીક માણસને ભગાડવા કુતરાને એના ઉપર છોડતો જોયો છે! આવતે જન્મે આવા કુતરાઓને કુતરાનો જ જન્મ શિવાય બીજું શું મળે?

ક્રિશ્નનનાં કહેવા પ્રમાણે આ ઘરબાર વગરના લોકોને ભાગ્યે જ તેમનું નામ કે ઠેકાણાની ખબર હોય છે. આવા લોકો શરીરે અશક્ત અને માનસીક રીતે એટલા બધા બીમાર હોય છે કે તેમનામાં ભીખ માંગવાની કે મદદ માંગવાની શક્તી નથી હોતી. આ લોકો પોતાની માનસીક સ્થિતિને લઈને આક્રમક બને છે કે ગુસ્સે થાય છે. તેમની આ પરીસ્થીતી મારું મનોબળ વધારે છે અને તેમને મદદ કરવાની મને શક્તી આપે છે. આ ભૂખમરાથી પીડાતા, રીબાતા માણસો મારું અને મારી અક્ષય ટીમનું ચાલકબળ છે. આ બધી તાકાત અમને આ લોકો પાસેથી, એમને માટે બનાવેલા ભોજનમાંથી મળે છે. તેમને નવડાવી ધોવડાવીને ખવડાવ્યા પછીનું એમના મુખ પરનું તેજ અમને શક્તી આપે છે. મારો આત્મા મને આવા લોકોની સેવા કરવાની પ્રેરણા આપી રહ્યો છે.

શરૂઆતમાં આવા લોકોને જમાડવાનો અને રાખવાનો ખર્ચો દાનમાંથી મળેતો, પરંતુ આ દાનની રકમ ફક્ત ૨૨ દિવસ જ ચાલે તેટલી હતી. તે માટે ક્રિશ્નન પોતાના પિતાએ આપેલા ઘરના ભાડામાંથી જેમ તેમ કરી કાઢતો હતો. ક્રિશ્નન અને એના સાથીદારો અક્ષયનાં નાના રસોડામાં સુઈ રહેતાં હતા. ૨૦૦૨ની સાલમાં પોતે કરેલી બચતના ૨૫૦૦ ડોલર ખલાસ પણ થઇ ગયા. કારણ કે તે વખતે તેના ઘરવાળા પણ તેને કશી મદદ નહીં કરતાં હતા. કારણ કે તેના માતા-પીતાએ તેના ભણતર પાછળ એ ઉગી નીકળશે એમ સમજીને ખુબ ખર્ચો કર્યો હતો. એક દિવસ તેણે તેની માતાને કહ્યું માં, હું શું કરું છું તે તું એકવાર જો તો ખરી એમ કહીને પોતાના ઘરે લઈ આવ્યો. એનું કાર્ય જોઈને એની માની આંખો ભીની થઇ ગઇ. તેણે કહ્યું બેટા, તું આટલું બધું સારૂ કામ કરે છે તેનો તો મને જરાપણ અંદાજ ન હતો. તું આવા લોકોને ખવડાવે છે તો હું અહી રહીને તને અને તારા સાથીદારોને ખવડાવીશ. ત્યારથી તેના માતા-પિતાએ પણ સેવાનો ભેખ લઈ લીધો.

આ પછી તો તેનું કાર્ય જોઈને દાનનો પ્રવાહ વહેવા માંડ્યો. એટલે ક્રિશ્નનને આવા લોકોને કાયમ રહેવાનું મળે તે માટે અક્ષયઘર બનાવવાની શરૂઆત કરી. પરંતુ પૈસાને અભાવે ઘણી વખત કામ બંધ કરવું પડતું હતું. આ બાજુ આવા લોકોનો ધસારો વધવા માંડ્યો એટલે ક્રિશ્નનની તકલીફો વધવા માંડી, છતાં તેને આ કામમાં ખુબ જ આનંદ મળતો હતો અને તેને પોતાના આ લોકો વચ્ચે જ રહેવું હતું. તેને વિશ્વાસ હતો કે મારો વ્હાલો એના વ્હાલા આ માનસીક બીમારો માટે કંઈ ને કંઈ કરશે. આજે તો દેશ વિદેશમાં તેની પ્રવૃત્તિ જોઈને દાનનો પ્રવાહ વધવા માંડ્યો છે.

ઘરબાર વગરના, વૃધ્ધો,  માનસીક રીતે બીમાર અને તરછોડાયેલા એવા લોકો માટે મદુરાઈમાં મકાનનું કામ ચાલી રહ્યું છે જેમાં આવા બધા લોકોની સાર સંભાળ રાખી, તેમને પોષ્ટિક ખોરાક આપી તેમનો પુન:વસવાટ કરીને એક ગૌરવવંતી જિંદગી જીવાડવાનો અક્ષય એક અદ્વિત્ય પ્રયાસ કરી રહ્યું છે ત્યારે બાપુઓ, મહારાજોની માયાજાળમાંથી બહાર નીકળી ફૂલ નહીં તો ફૂલની પાંખડીની મદદ કરી એક માનવતાનું કાર્ય તમે જરૂર કરશો એવી મારી આશા અસ્થાને નહીં ગણાય. અક્ષયની વધુ વિગતો માટે આજ લેખમાં મેં વિડીયોની લીંક આપી છે તે જોઈને આપ મદદ એમને સીધી જ મોકલશો એવી વિનંતી છે. આપને જો અક્ષય વીશે વધુ માહિતી જોઈતી હોય તો નીચેના સરનામે એમનો સંપર્ક સાધવા વિનંતી છે. અક્ષયની પ્રવૃત્તિનાં ફોટો નીચે બીજી સ્લાઈદોમાં  આપ્યા છે.

Akshaya INDIA, Akshaya Trust ,  (Akshaya Helping in H.E.L.P. Trust)
9, West 1st Main Street,  Doak Nagar Extension,  Madurai — 625 010, INDIA
PHONE: +91 (0) 452 4353439   CELL      : +91  98433 - 19933

Akshaya USA,  Akshaya USA,  17359 East Caley Place,  Aurora, Colorado 80016, USA
Akshaya NEDERLAND

Akshaya Nederland
Location: COMING SOON!

Please visit the main Akshaya Trust page at
http://www.facebook.com/akshayatrust


My Own India


CNN HEROES
EVERYDAY PEOPLE CHANGING THE WORLD
I want to
save my people.
That is the purpose of my life.”






HELPING THE HELPLESS





Construction of the Akshaya Home is well under way and now we have an additional challenge — how to furnish and equip the facilities. While there are many things we need, beds are high on that list. We have started the Sponsor-a-Bed Campaign to hopefully give these people a place to sleep that is no longer on the street.

**Building A Home**

After a decade of feeding the hungry and helping the destitute Akshaya has a new initiative — its largest to date. The Akshaya Home will be a shelter for the homeless, a haven for the sick and a place to provide additional continuous care for those in need. The following table shows the status of contruction of the various blocks of the Akshaya Home complex.

The northeast monsoon season typically runs from October to December and brings intense rain to southern India. This year has been no exception. The pace of onstruction at the Akshaya Home complex has been slowed down but work continues as the weather allows. Check out the current progress below:

| BUILDING | DETAILS | SPONSOR | PROGRESS |
|---|---|---|---|
| BLOCK 1 | Medical Clinic | LIC Golden Jubilee Foundation, Mumbai | COMPLETED |
| BLOCK 2 | Medical Office, Sick Bay, Resident Dormitory | Well-Wisher, Madurai | COMPLETED |
| BLOCK 3 | Resident Dormitory | Chandrasekar Memorial Block, Doha | COMPLETED |
| BLOCK 4 | Resident Dormitory | Saahil Block, Singapore | COMPLETED |
| BLOCK 5 | Special Care Facility | Dallas/Fort Worth, Texas, USA | COMPLETED |
| BLOCK 6 | Kitchen, Dining & Storage | V RHYTHM Foundation, Malaysia | 95% |
| BLOCK 7 | Administration Offices | Tampa Community & Foundation For Global Understanding, Florida, USA | 95% |
| BLOCK 8 | Resident Dormitory | Donors From USA And India | COMPLETED |
| SECURITY OFFICE | Security Office | Donors From USA And India | COMPLETED |
| ENTRANCE BRIDGE | Entrance Bridge | DISHA, USA | COMPLETED |
| CONNECTIVE CORRIDORS | Conects Building | Wanted Donors | 80% COMPLETED |
| ROAD FORMATION | Road Formation And Sand Filling | Wanted Donors | COMMENCED |
| COMPOUND WALL | Compound Wall | Wanted Donors | COMMENCED |
| RAMP | Ramp | Wanted Donors | COMPLETED |
| RESTROOMS | Restrooms For The Beneficiaries | Wanted Donors | COMMENCED |
| STAIRCASES | Stairs In Between Blocks | Wanted Donors | COMMENCED |
| WATER TANK | Overhead Water Storage | Wellwisher From Hong Kong | COMMENCED |
| SECURITY OFFICE - II | Security Office II | Wanted Donors | YET TO COMMENCE |
| POWER ROOM | Power Room Formation | Wanted Donors | YET TO COMMENCE |
| GENSET ROOM | Room For Generator | Wanted Donors | YET TO COMMENCE |
| DRAINAGE TANK | Sewage Storage Tank | Wanted Donors | YET TO COMMENCE |
| EB TRANSFORMERS | Electric Transformers & Room | Wanted Donors | YET TO COMMENCE |
| LANDSCAPING | Gardening & Plantations | Wanted Donors | YET TO COMMENCE |
| SHED | Shed For Vehicles | Wanted Donors | YET TO COMMENC |



Special Care Facility Entrance



Medical Clinic Triage Area




Special Care Facility Interior



Typical Dormitory



Medical Office



Medical Patient Room



Medical, Residential and Dining Facilities Overview

**We are in the process of obtaining vendor quotes for the equipment and furnishings. Please return soon to see our updated list of needs. Your donations are our only source of funds so please consider making a donation towards the purchase of these vital needs for the Akshaya Home.**

## Medical Needs

| ITEM # | DESCRIPTION | NEED | PLEDGED | COST (EACH) |
|---|---|---|---|---|
| M-01 | Air Conditioning Unit For Medical Area | 2 | 0 | $600 |
| M-02 | Blood Pressure Apparatus | 1 | 1 | $36 |
| M-03 | Cot Side Rails | 1 | 0 | $40 |
| M-04 | Cots-Medical | 1 | 0 | $220 |
| M-05 | First Aid Kits | 1 | 1 | $80 |
| M-06 | Saline Water Stands | 1 | 0 | $30 |
| M-07 | Scale | 1 | 0 | $15 |
| M-08 | Scissors | 4 | 2 | $5 |
| M-09 | Stethoscopes | 1 | 1 | $12 |
| M-10 | Stretchers — Several Types | 1 | 1 | $80 |
| M-11 | Washbasins With Stands | 1 | 0 | $25 |
| M-12 | Wheelchairs | 2 | 1 | $240 |
| M-13 | Fully Equipped Ambulance | 1 | 0 | $20,000 |

## Food-Service Needs

| ITEM # | DESCRIPTION | NEED | PLEDGED | COST (EACH) |
|---|---|---|---|---|
| F-01 | Chapathi Dough Kneader | 1 | 0 | $1,000 |
| F-02 | Chapathi Maker | 1 | 0 | $8540 |
| F-03 | Cooking, Serving, And Eating Utensils | 1 | 0 | $6,000 |
| F-04 | Idli Steamer (240pcs) | 1 | 0 | $1,240 |
| F-05 | Rice Cooker | 1 | 0 | $1,200 |
| F-06 | Stainless Steel Bowls | 3 | 1 | $180 |

## General Needs

| ITEM # | DESCRIPTION | NEED | PLEDGED | COST (EACH) |
|---|---|---|---|---|
| G-01 | Bedding-Linens, Blankets, And Pillows | 300 | 28 | $16 |
| G-02 | Commercial Laundry Machine | 1 | 0 | $19,380 |
| G-03 | Cots-Sleeping | 300 | 32 | $45 |
| G-04 | Fans | 500 | 0 | $40 |
| G-05 | Lightbulbs | 500 | 0 | $6 |
| G-06 | Mattresses | 300 | 27 | $63 |

>>> Click here to make a donation

TOTAL NEEDED: $119,978